# શ્રી માઁ વારાહિ મંદિરનો ઈતિહાસ

- વર્ષો પહેલા આપણા પરદાદાઓ સિધ્ધપુરમાં વસવાટ કરતા હતા.
- એ સમયમાં માતાજીની મુર્તિઓનુ ચલણ ન હતુ. મુર્તિઓનાં સ્થાને માતાજીનાં ફળા રહેતા.
- મહારાજા સિધ્ધરાજ જયસિંહનાં વખતમાં સિધ્ધપુર અને પાટણ છુટા પડયા.
- સિધ્ધપુર અને પાટણ છુટા પડયા ત્યારે માતાજીનાં ફળાને સિધ્ધપુરથી લાવીને પાલીતાણાની બાજુનાં હાથસણી ગામમાં લાવીને એની સ્થાપના કરવામાં આવી.
- હાથસણી ગામ પર પ્રારંભમાં શ્રી છગનલાલ દેવાશંકર પંડયાએ માતાજીની દેરી બનાવી.
- સમય જતા શ્રી અંબાશંકર મકનજી પંડયાએ હાથસણી ગામે માતાજીનું મંદિર બનાવ્યું જેમાં વિક્રમ સંવંત ૨૦૦૮માં ફાગણ સુદ ત્રીજને રવીવારનાં દિવસે શ્રી નર્મદાશંકર રામજી ભટ્ટે બનાવેલ શ્રી વારાહિ માઁ, ગણપતીજી અને બટુક મહારાજની એમ ત્રણ મુર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. મુર્તિ પ્રતિષ્ઠામાં શ્રી કાળીદાસ કલ્યાણજી પંડયા (ગંદરણા વાળા) બેઠા હતા અને ગોર તરીકે નર્મદાશંકર પ્રેમજી બધેકા એ પુજા કરાવી હતી. મુર્તિ પ્રતિષ્ઠામાં સતચંડી યજ્ઞ કરવામાં આવેલો જે કુલ ત્રણ દિવસ સુધી ચાલેલો.
- માતાજીએ મુર્તિ પ્રતિષ્ઠા વખતે માતાજીની મુર્તિનાં હાથની અનામીકા (ટચલી આંગળી) માંથી કંકુની ધાર કરીને પોતની હાજરીનો પરચો આપ્યો હતો.
- હાથસણી ગામનાં મંદિરમાં સમય જતા ધર્મશાળા બનાવવામાં આવી હતી. મંદિરાનાં પ્રાંગણમાં એક કુવો પણ હતો.
- વિ.સં. ૨૦૧૬ માં શેત્રૃંજી નદિ પર પાલીતાણા પાસે બંધ બનાવવાનું ત્તકાલીન સરકાર વડે આયોજન થયું. આ આયોજન મુજબ હાથસણી ગામ બંધનાં વિસ્તારમાં આવતુ હોવાથી માતાજીને તળાજા ગામમાં ફેરવવાનું આયોજન કરવામાં આવ્યું.
- વિ.સં. ૨૦૧૬માં તળાજા ગામમાં માતાજીનાં મંદિરનાં નિર્માણ કાર્યનું ખાતમુહર્ત શ્રી. લાભશંકર કાળીદાસ પંડયાનાં હસ્તે થયું.
- વિ.સં. ૨૦૧૭માં તળાજા ગામનાં માતાજીનાં મંદિરનું નિર્માણ કાર્ય પુરૂ થયું.
- વિ.સં. ૨૦૧૭ની વૈશાખ સુદ આઠમને રવીવારનાં રોજ રવિપુષ્યામૃત યોગમાં તળાજાથી શ્રી. બાલુભાઈ હિરજી પંડયા, શ્રી. કૃપાશંકર કાળીદાસ પંડયા, શ્રી. પ્રાણશંકર કાળીદાસ પંડયા, શ્રી. ભાનુશંકર જાદવજી પંડયા, શ્રી. છગનલાલ વ્યાસ, શ્રી. સદાશંકર શુકલ, શ્રીરામજીભાઈ (માતાજીનાં ભુવા) અને અન્ય લોકો હાથસણી ગામે બીરાજેલા માતાજીને લેવા માટે ગયા.
- આનાં એકાદ દિવસ પહેલા પાલીતાણા વાળા લાલજીભાઈનાં ભાઈને માતાજીએ સપનામાં આવીને કહયું કે **"કાલે હું તળાજા જતી રહેવાની છું તો જો તારે લાપસી બનાવવાની હોય તો આવીને બનાવી જા"**. આથી બીજે દિવસે તઓએ મંદિરમાં લાપસી કરી.
- હાથસણી ગામનાં મંદિરમાંથી માતાજીને લાવતા પહેલા ત્યાં ગૃહશાંતી કરવામાં આવી હતી જેમાં શ્રી. બાલુભાઈ હિરજી પંડયા બેસેલા શ્રી છગનલાલ બેચરભાઈ વ્યાસે માતાજીને તળાજા પધારવાનું આમંત્રણ આપ્યું.
- સાંજે પાંચ વાગે માતાજી તળાજા આવતા માતાજીનું સ્વાગત કરવામાં આવ્યું.
- શ્રી. ગૌરીશંકર મોરારજી પંડયાએ માતાજીની પ્રતિષ્ઠા કરવા માટે કાઢેલા મુહર્ત મુજબ વિ.સં. ૨૦૧૭, વૈશાખ વદ સાતમ, રવીવારનાં રોજ માતાજીની મુર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી. આ વિધીમાં શ્રી. કાળીદાસ નરોતમ પંડયા પુજામાં બેઠા હતા તથા ગોર તરીકે શ્રી. પ્રભાશંકર વ્યાસ, શ્રી. છોટાલાલ શુકલ તથા શ્રી. મનુભાઈ જાની હતા.
- ગોર મહારાજ શ્રી. પ્રભાશંકર વ્યાસે કિધું કે **"એક ડબ્બો ઘી હોમશો એટલે માતાજી પ્રગટ થશે"**. અને એમનાં કહેવા મુજબ ઘી હોમાતા ભર વૈશાખ માસે અચાનક વાદળો છવાઈ ગયા અને અમી છાંટણા કરીને માતાજીએ પોતાની ઉપસ્થિની જાણ કરી હતી.
- આ પ્રસંગે તળાજા ખાતે ચોર્યાસી રાખવામાં આવી હતી જેનાં ખર્ચ પેટે થતી રકમ નેકનામદાર મહારાજા શ્રી. કૃષ્ણકુમારસિંહજીએ આપી હતી.
- વિ.સં. ૨૦૩૯માં વર્તમાન આરસનાં મંદિરનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું ખાતમુહર્તની વિધીમાં શ્રી. લાભશંકર કાળીદાસ પંડયા બેસેલા. અને તે દિવસે પણ અચાનક આવેલ મોટા વાવાઝોડાનાં સ્વરૂપમાં માતાજીએ પોતાની સંમતિ દર્શાવી આશિર્વાદ આપ્યા હતા.
- વિક્રમ સંવંત ૨૦૦૮માં શ્રી.નર્મદાશંકર રામજી ભટ્ટે બનાવેલ શ્રી વારાહિ માઁ, ગણપતીજી અને બટુક મહારાજની એમ ત્રણ મુર્તિને પચાસ વર્ષ પુરા થતા હોય, વિ.સ. ૨૦૫૮માં એકાવન કુંડી યજ્ઞનું આયોજન કરવામાં અવ્યું.